## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના ડે.કમિશનરશ્રી અને લિંબાયત ઝોનના ઝોનલ ચીફ શ્રી સી.વાય.ભટ્ટની સુચના મુજબ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.અજીત પી.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ લિંબાયત ઝોનના આરોગ્ય ખાતાના ચીફ સેનેટરી ઈન્સ્પેકટર શ્રી એસ.જે.પટેલની એક ટીમે મીનરલ વોટરનું ઉત્પાદન કરી તેનુ વેચાણ કરતી સંસ્થામાં ચેકીગ હાથ ધર્યુ હતુ. જેમાં આંજણા વિસ્તારમાં આવેલ પ્લો.નં.૩૫,યમુનાનગર ખાતે ચાલતી " **સારથી વોટર્સ** " નામની મીનરલ વોટરનું ઉત્પાદન કરતી સંસ્થામાં ચેકીંગ હાથ ધરતા, સંસ્થાની અંદર તેમજ બહાર રસ્તાઉપર પાણી ફેલાયેલુ તેમજ તેમાં કચરો હેવાનુ ધ્યાને આવેલ તેમજ સંસ્થાની અંદર અને બહારના ભાગમાં કચરાનાં ડબ્બા રાખવામાં આવેલ ન હતા. તેમજ કારીગરોનાં ડોકટરી સર્ટીફિકેટ સ્થળ ઉપર ઉપલબ્ધ ન હતા. તેમજ સંસ્થા પાસે નિયમ મુજબના પરવાના તથા ફુડસેફટી એકટ મુજબનું લાઈસન્સ માલમ પડયું ન હતું. જેથી સંસ્થાને નોટીસ આપી સંસ્થાને સીલ મારવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :– ..0..1..7 7
તા.૨૩/૦૫/૨૦૧૭

# પ્રેસ નોટ :

તા.૨૦–૦૫–૨૦૧૭ નાં રોજ સ્મીમેર ખાતે માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકઝીકયુટીવ કમિટીની મીટીંગમાં ડેપ્યુટી મેયરશ્રી, અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, કમિશ્નરશ્રી, શાસક પક્ષનાં નેતાશ્રી, અધ્યક્ષશ્રી (હોસ્પિટલ કમિટી), અધ્યક્ષશ્રી (આરોગ્ય કમિટી), મેડીકલ એક્ષ્પર્ટસશ્રીઓ વિગેરેની હાજરીમાં મળેલ મીટીંગમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે મેડીસીન વિભાગ માટે આઈ.સી.સી.યુ/એમ.આઈ.સી.યુ ,માં સારવાર માટે આવતા ગંભીર દર્દીઓના અધ્યતન મોનીટરીંગ માટે બે સેન્ટ્રલ મોનીટરીંગ સીસ્ટમ સાથેના ૧૬ મલ્ટીપેરા મોનીટરો રૂા.૭૨,૨૪,૬૪૦/– ના ખર્ચે ખરીદી કરવા તથા પેથોલોજી વિભાગ ખાતે કાર્યરત બ્લડ બેંકમાં માટે Single Donor Platelet બનાવવા કે જે એક જ યુનીટ પ્લેટલેટ ચઢાવવાથી ૪ યુનિટ Random Donor Platelet ની જગ્યાએ કામ લાગે તેવુ ,Stem cell મેળવવા માટે,અમુક વાઈરલ રોગો જેમાં મગજને અસર થતા હોઈ એવા સંજોગોમાં ખરાબ થયેલ કણો, Sickle Cell જેવા રોગમાં Sickle રકતકણ, મેલેરીયાના જંતુથી ભરેલા રકતકણ ,લોહીના કેન્સરમાં કેન્સરજન્ય કણને પ્લાઝમા માંથી બહાર કાઢવા, જરૂરી એવું અધ્યતન સાધન Apheresis Machine તથા કેન્સરના પેશન્ટના Operation કરતી વખતે કેટલા સુધી કેન્સર ફેલાયેલ છે તે ચકાસવું હોઈ એવા સંજોગોમાં તાત્કાલિક Biopsy ની સ્લાઈડ બનાવીને નિદાન કરવા જરૂરી સાધન Cryostat સહીત અન્ય સાધનો મળી કુલ રૂા.૭૮,૮૮,૯૦૦/– ના ખર્ચે ખરીદ કરવા ભલામણ કરવામાં આવી.

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના ડે.કમિશ્નરશ્રી અને લિંબાયત ઝોનના ઝોનલ ચીફ શ્રી સી.વાય.ભટ્ટની સુચના મુજબ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.અજીત પી.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ લિંબાયત ઝોનના આરોગ્ય ખાતાના ચીફ સેનેટરી ઈન્સ્પેકટર શ્રી એસ.એમ.ગજ્જરની એક ટીમે તા.૨૩/૦૫/૨૦૧૭ ના રોજ ધી.પુણા કુભારીયા ગૃપ કો.ઓ.ફ્રુટ એન્ડ વેજીટેબલ ગ્રોઅર્સ સો.લી. ખાતે આવેલ પેટ્રોલપંપ અને સી.એન.જી.પંપ અને પી.કે.એસ.સ્ટોર ઉપર આરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં એકસપાયરી ડેટ વિતિ ગયેલ ખાદ્ય પદાર્થો મળી આવેલ હતા, સદર સંસ્થાઓના સંચાલકો પાસે સુરત મહાનગરપાલિકાના ધી.બી.પી.એમ.સી.એકટ ની કલમ – ૩૭૬ (૧) મુજબનો પરવાનો માલમ પડેલ ન હતો. તેમજ પેટ્રોલપંપના કંમ્પાઉન્ડની અંદર કચરો, ગંદકી માલમ પડયા હતા તથા ટોયલેટ બ્લોકમાં ગંદકી માલુમ પડેલ હતું.જેથી સંસ્થાના સંચાલકો પાસેથી રૂ.૯૦૦૦/– (અંકે રૂપીયા નવ હજાર પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા. તેમજ નોટીસ આપવામાં આવેલ છે. અને એસકપાયરી ડેટ વિતિ ગયેલ માલ–સામાનનો નાશ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નંબર :– ...0.7.79<br>
તા.૨૪/૦૫/૨૦૧૭

૧૮૦

# <u>પ્રેસનોટ</u>

<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)ના ટાઉન પ્લાનર(બી)તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં મોજે.ઉધના, રે.સ.નં. ૧૫૧ પૈકી, મોજે.ભેદવાડ, રે.સ.નં. ૧, મોજે. ડીંડોલી, રે.સ.નં. ૩૪૬ થી ૩૪૯ સબ પ્લોટ નં. બી પૈકીવાળી જગ્યામાં આવેલ કુલ–૨૨ પ્લોટના પ્લોટધારકો/મિલ્કતદારો ધ્વારા ટી.ડી.ઓ./ડી.પી./૪૧૦, તા.૨૨/૧૨/૨૦૧૨ થી મેળવેલ વિકાસ પરવાનગી વિરૂધ્ધ સ્થળ પર બાંધકામ કરવામાં આવતા સાઉથ ઝોન(ઉધના), સુરત મહાનગરપાલીકા તેઓને તાકીદની નોટીસ બજાવવામાં આવેલ છે. તેમ છતાં પ્લોટધારકો/મિલ્કતદારો ધ્વારા સ્થળ પર મંજૂર પ્લાન વિરૂધ્ધનું બાંધકામ દૂર કરવામાં ન આવતા **આજરોજ તા.૨૪/૦૫/૨૦૧૭** થી અત્રેથી મેગા ડીમોલીશનનું આયોજન કરી ટાઉન પ્લાનર(બી)તથા કાર્યપાલક ઈજનેર–૦૧, ડે.ઈજનેર–૦૪, શહેરવિકાસ વિભાગના આસી./જુ.ઈજનેર–૦૬, ટેક.આસી.–૦૧, ડ્રાફ્સમેન–૧, દબાણ વિભાગનો સ્ટાફ, કોન્ટ્રાકટ એજન્સીના કામદારો–૧૨૩, સુરત મહાનગરપાલીકાના સીકયોરીટી સ્ટાફ–૬૦, ટ્રકો–૦૨, મઝદા–૦૨, જે.સી.બી.–૦૨ સહિતના સ્ટાફ તથા મશીનરી સહિત **કુલ પ્લોટો–૨૨ માં આશરે ૧૨,૩૫૦ ચો.ફૂટ માપવિસ્તારમાં** મંજૂર પ્લાન વિરૂધ્ધનું માર્જીનની જગ્યામાં કરવામાં આવેલ તથા વધારાના માળનું આર.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. સદરહું કામગીરી દરમ્યાન પ્લોટધારકો/મિલ્કતદારો પાસેથી **વહીવટી ચાર્જ પેટે રૂ.૩૫,૦૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

## <u>પ્રે સ નો ટ</u>

<u>વિષય</u> : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૨૧ થી ૨૪–૦૫–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાને ઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૯૮ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૫૫૬ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૬૦૩ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી ૨૧૯ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧૧ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૫૧ ચેકી કરી જે પૈકી ૩૫ સંસ્થાઓને નોટીસ આપી. દુધની ડેરી–૯૪ ચેકી કરી જે પૈકી ૧૭ સંસ્થાઓને નોટીસ આપી. બરફની ફેકટરી કુલ ૬ સંસ્થા ચેક કરી તે પૈકી ૨ સંસ્થાઓને નોટીસ આપી. બરફનું વેચાણ કરનાર ૧૯ સંસ્થા ચેક કરી જે પૈકી ૧૦ સંસ્થાઓને નોટીસ આપી તથા ૦૧ સંસ્થાને બંધ કરાવેલ હતી.

::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0181 તા. ૨૫–૦૫–૨૦૧૭

## પ્રેસનોટ

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૧/૦૬/૨૦૧૭ ને ગુરૂવારના રોજ સવારે ૧૦:૧૫ કલાકે ગાંધી સ્મૃતિભવન ટીમલીયાવાડ નાનપુરા સુરત મુકામે આયોજન કરવામાં આવેલ છે જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર / પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ____
તા.૨૫-૫-૨૦૧૭ 0182

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં તા.૨૬/૦૫/૧૭ ના રોજ રીંગરોડ તેમજ ચોકબજાર થી કતારગામ દરવાજા સુધીના વિસ્તારની આજુબાજુ આરોગ્ય વિભાગની સંકલિત ગ્રુપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

સદર ઝુંબેશમાં આરોગ્ય વિભાગના ૨૪ સુપરવાઈઝર સ્ટાફ તથા ૧૬૫ સફાઈ કામદારો ધ્વારા ૦૬ ટ્રેકટરો સાથે રાખી સદર અભિયાન હાથ ધરવામાં આવેલ હતું.

આરોગ્ય વિભાગ ધ્વારા ૪.૩૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૨ નોટીસ આપવામાં આવેલ તેમજ જાહેરમાં ન્યુસન્સકર્તા ૨૧ ઈસમ પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૪.૩૦૦ કિ.ગ્રા. જપ્ત કરેલ છે તેમજ ૦૯ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી ૧૪ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. આ ઉપરાંત ૦૩ ટ્રાફીક સર્કલ તથા ૦૩ પ્રતિમાની સફાઈ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તારમાં તથા કન્ટેનર સ્પોટની આજુબાજુ ૯૫૦ કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૧૨૨૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. તેમજ મચ્છરજન્ય રોગોની ઉત્પત્તિસ્થાન નાશ સ્થળોની તપાસના ભાગરૂપે ७४ જગ્યાએ ઓવરહેડ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓનું ચેકીંગ કરવામાં આવેલ છે. ૦૬ ઈસમને નોટીસ આપવામાં આવી તથા રૂા.૪,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ છે તથા ૦૮ જેટલા ટાયર, ૦૫ કેરબા, ડબ્બા ૦૪ તથા અન્ય સામાન–૧૬ મળી કુલ–૩૩ જેટલો સામાન જપ્ત કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0183
તા.૨૬/૦૫/૧૭

–:પ્રેસ નોટ:–

## સુરત મહાનગરપાલિકા

સુડાના મંજુર પુનરાવર્તિત વિકાસ નકશા–૨૦૦૪ પ્રમાણે '૦–૧૦' ''ઓપન સ્પેસ એન્ડ ગાર્ડન'' ના હેતુ પૈકીની સેન્ટ્રલ ઝોનમાં ઓલ્ડ વોલ સીટી વિસ્તારમાં હસનજી ટેકરા, હરીપુરા, સુરત ખાતે વોર્ડ નં.૦૫ નોંધ નં. ૧૫૫૧વાળી ૧૧૦.૩૬.૯૨ ચો.મી. અનામત જગ્યા તેમજ ચૌટાબજાર, સુરત ખાતે વોર્ડ નં.૦૯ (વાડીફળીયા) નોંધ નં. ૧૭૨૪ થી ૧૭૩૧વાળી કુલ ૭૭.૬૬ ચો.મી. રસ્તારેખા હેઠળ આવતી જગ્યા, ધી બી.પી.એમ.સી. એક્ટ–૧૯૪૯ તથા જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ હેઠળ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં.–૪ સુરત ધ્વારા સંપાદન કરવાની કાર્યવાહીરૂપે વોર્ડ નં.૫ વાળી અનામત જગ્યાનો એવોર્ડ તા.૭/૦૨/૧૯૯૧ તથા ચૌટાબજાર ખાતેની રસ્તા રેખા હેઠળની જગ્યાનો એવોર્ડ તા.૩૦/૦૩/૧૯૮૧ના રોજ જાહેર કરવામાં આવેલ. ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની અધ્યક્ષતામાં તા.૨૫/૦૫/૨૦૧૭ના રોજ સ્થળ પર ટાઉન પ્લાનીંગ ખાતાનો સ્ટાફ, સેન્ટ્રલ ઝોન કચેરીના સાધન સામગ્રી સહિતનો સ્ટાફ, પોલીસ બંદોબસ્ત સહિત સ્થળ પર હાજર રહી કબ્જો લેવાની કામગીરી હાથ ધરી સંપાદિત જગ્યાનો કબજો લેવામાં આવેલ. હસનજી ટેકરા, હરીપુરા, સુરત ખાતેની વોર્ડ નં.૦૫વાળી સંપાદિત જગ્યાનો કબ્જો મળવાથી તેના ઉપર નજીકના વિસ્તારના નાગરિકોને ઉપયોગી થાય તે રીતે જગ્યાનો વિકાસ કરવાની કામગીરી શરૂ કરી શકશે.તેમજ ચૌટાબજાર વિસ્તારમાં રસ્તા પૈકીની જગ્યાનો કબજો મળવાથી રસ્તો પહોળો થવાથી બોટલનેક તથા ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ થઈ શકશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.
તા.૨૬/૦૫/૨૦૧૭

૧૮૫

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૬/૦૫/૧૭ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

**વિષયઃ—સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાંથી દબાણ દૂર કરવાની કામગીરી.**

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં ભટાર રોડ પર આવેલ ઉમાભવન પાસે ટી.પી.રસ્તા પર શાકભાજી પાથરણાવાળાનું દબાણ રહે છે. જે અન્વયે આજરોજ સ્થળ ઉપરથી શાકભાજી તેમજ ફ્રુટના અંદાજે ૩૦૦૦ કિલોના કુલ—૬૫ કેરેટ જપ્ત કરી ટ્રાફિકને અડચણરૂપ દબાણ દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.
- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ઘોડદોડ રોડ, રામચોકથી જમનાનગર તરફના ટી.પી.રસ્તા તેમજ ફુટપાથ પર કેરીના વિક્રતાઓ દ્વારા કરેલ દબાણને કારણે ટ્રાફિક અવરજવરમાં ખુબજ અડચણ રહેતી હોય, અત્રેથી આજરોજ સ્થળ ઉપરથી કુલ અંદાજે ૧૦,૦૦૦ કિલો કેરીનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે અને રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉકત દબાણકર્તાઓ પાસેથી દબાણ વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૭૮૦૦૦/— પેનલ્ટી વસુલ લેવામાં આવેલ છે..

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ દ્વારા અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

પ્રજાભિમુખ પ્રકલ્પોનું નિર્માણ કરતી પ્રગતિના પંથે સતત આગેકુચ કરતી તથા શહેરીજનોને આનંદ પ્રમોદની સુવિધા પુરી પાડતી સુરત મહાનગરપાલિકા દ્વારા ઉગત બોટોનીકલ લેક ગાર્ડન ખાતે PPP ધોરણે જોય ટ્રેન, હીલીયમ બલૂન અને વિવિધ એમ્યુઝમેન્ટ રાઈડ્સની લોકાર્પણવિધિ સંપન્ન થઈ ત્યાર બાદ શ્રી નીતિનભાઈ પટેલ માનનીય નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજયના વરદ્દહસ્તે તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને તેમજ કતારગામ દરવાજા ખાતે ફલાય ઓવર બ્રીજની ખાતમુહૂર્તવિધિ, લોકાર્પણ/ ખાતમુહૂત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ તેમજ સીટી બસ, રોડ સ્વીપર મશીનનુ લોકાર્પણ કરવામાં આવ્યું

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે ૮.૨૫ ચો.કીમી ના વિસ્તારમાં વિસ્તરેલ સુરત શહેર તેના અવિરત વિકાસના કારણે હાલમાં ૩૨૬.૫૧૫ ચો.કીમી માં વિસ્તારમાં વિસ્તરેલ હોવાને કારણે વિવિધ વિકાસના કામોની જરૂરિયાત ઉભી થઈ છે અને તે માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારના હોદેદારો તરફથી માગદર્શન મળે છે અને પ્રકલ્પોને પુરા કરવા માટે જરૂરી ગ્રાન્ટ સુરત મહાનગરપાલિકાને મળે છે. જેનાથી નવા પ્રકલ્પોના ખાતમુહૂર્ત થાય છે.

તાપીતટે વસેલ સુરત શહેરે શહેરી જનોને રોજગારી સાથે વિવિધ પ્રકારની સુવિધાઓ પણ આપે છે. વધુમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા ડ્રેનેજ, પાણી,રોડ રસ્તા, લાઈટ, બ્રીજ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આવાસો વિગેરે પ્રકલ્પોના કામો હાથ ધરવામાં આવે છે. સાથે સાથે શહેરીજનોના આરોગ્ય માટે હોસ્પીટલો, હેલ્થ સેન્ટરો વિગેરેનું વિવિધ ઝોનમાં બાંધકામ કરવામા આવે છે.

શહેરીજનોના શિક્ષણ માટે પ્રાયમરી અને સુમન શાળાઓ, આનંદ–પ્રમોદ માટે ૧૫૬ જેટલા ઉદ્યાનો તથા પર્યાવરણની જાળવણી માટે વૃક્ષારોપણ કરી સુરત શહેરને પ્રદુષણ મુકત શહેર બનાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. વધુમાં તેમણે શહેરીજનોને સોલર રૂફટોપમાં કેન્દ્ર તથા રાજય સરકારની સબસીડીનો લાભ લેવા અપીલ કરી હતી. સુરત શહેરને સ્માર્ટસીટી બનાવવા માટે લોકોનો સહકાર જરૂરી છે તેવી આશા વ્યકત કરી હતી. ત્યાર બાદ માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનું સન્માન માન.મેયરશ્રી તથા માન.કમિશનરશ્રી ધ્વારા મોમેન્ટો, શાલ અને પુસ્તકથી કરવામાં આવેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત કરવામાં આવેલ.

માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે આજ રોજ સુરત મહાનગરપાલિકા અને માર્ગમકાન વિભાગ ધ્વારા અંદાજીત રૂા.૧૨૦૦ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોના કામો કરવાનો લાભ મળ્યો છે. જેમાં બારડોલી અને કીમ ખાતે રેલ્વે ઓવર બ્રીજની ખાતમુહુર્ત વિધિ સંપન્ન કરવામાં આવી.

પાછળ

સુરત મહાનગરપાલિકા ધ્વારા અંદાજીત રૂા.૯૯૭.૨૭ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એ ગુજરાતની વિકાસયાત્રાનો શુંભરાભ કરાવેલ જે અવિરત ચાલું છે અને દેશ દુનિયામાં ભારતનું સન્માન અને ગૌરવ વધારેલ છે. પ્રતિદિન ૧,૨૫,૦૦૦ પ્રવાસીઓ બસમાં મુસાફરી કરે છે. વધુમાં તેમણે સુરત શહેરને આ વર્ષે ફાળવેલ બજેટનો આખા ગુજરાતમાં સોપ્રથમ ઉપયોગ કરી સુરત મહાનગરપાલિકાએ બે ફલાયઓવર બ્રીજના ખાતમુહુર્તથી શુભાંરભ કરેલ છે. સુરત મહાનગરપાલિકાને રાજય સરકારે ફાળવેલ બજેટમાં પ્રથમ હોય જે બાબતે સુ.મ.પાના પદાધિકારીઓ અને અધિકારીઓને અભિનંદન આપેલ. તથા સ્વછતાના ક્ષેત્રમાં સુરત શહેરનો સમગ્ર દેશમાં ચોથો નંબર મળ્યો જે શહેર માટે ગૌરવની વાત છે તથા પ્રથમ નંબર લાવવા આહ્વાહન કરેલ. અંતમાં તેમણે સુરત શહેરની અંદાજીત ૫૫ લાખની જનતાને તમામ પ્રકારની સગવડ આપવાનું કામ સુરત મહાનગરપાલિકાએ કરવું તેવી અપીલ કરી હતી.

આ પ્રસંગે માન. સંસદીય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, માન.ધારાસભ્યશ્રી નરોતમભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, માન. કલેકટર શ્રી મહેન્દભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, વિગેરેએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ, સમાચાર યાદી નં. ૧૮૬ તા.૨૬/૦૫/૨૦૧૭




JOY TRAIN
KHODAL






શ્રી નીતિનભાઈ પટેલ


TRISHUL MOTORS

અખબારી યાદી

તા. ૨૭-૦૫-૨૦૧૭

**સુરત શહેર પાસે "મલ્ટી મોડેલ લોજીસ્ટીક પાર્ક" સાકાર થશે:**

**કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા**

**સુરત ખાતે યોજાઈ સમિક્ષા બેઠક**

ભારત દેશનું પરિવહન ખર્ચ કુલ GDP નાં ૧૩ થી ૧૪ % જેટલો થાય છે, જ્યારે આ ખર્ચ વિકસિત દેશો જેમકે અમેરીકામાં ૮% જેટલો જ થાય છે. દેશના કુલ માલસામાનનાં ૬૦% જેટલો સામાન રોડ માર્ગે પરિવહન થાય છે, જ્યારે ચીન જેવા દેશમાં આ પ્રમાણ માત્ર ૩૫-૪૦ % જેટલું છે. આમ પરિવહન ખર્ચ ઘટાડવા, રોડ પરનો ટ્રાફિક હળવો કરવા તથા કાર્બનનું ઉત્સર્જન ૧૦% જેટલુ ઘટાડવા કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં **"મલ્ટી મોડલ લોજીસ્ટીક પાર્ક"** વિકસાવવા માટે પ્રાથમિક ધોરણે ૩૫ જગ્યાઓ નકકી કરવામાં આવેલ છે. જે પૈકી ૬ ગુજરાતના છે. જેમા અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, વલસાડ અને કંડલાનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં આવા એક લોજીસ્ટીક પાર્ક ગુજરાતમાં સુરત પાસે સાકાર થાય તે માટે કેન્દ્ર સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવેઝ, શીપીંગ, કેમિકલ્સ અને ફર્ટીલાઇઝર્સના મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાએ સુરત ખાતે સમિક્ષા બેઠક યોજેલ હતી.

ભારત સરકારની નેશનલ હાઈવે ઓથોરીટી, રેલ્વે અને નાગરીક ઉડ્ડયન, મંત્રાલય વેરહાઉસ કોર્પોરેશન, પોર્ટ ટ્રસ્ટ વિગેરેની પ્રવૃતિને સાંકળીને **"મલ્ટી મોડલ લોજીસ્ટીક પાર્ક"** વિકસાવવામાં આવશે. આ પાર્કમાં પરિવહનને લગતી પ્રવૃત્તિ ગોડાઉન વિગેરેને વૈજ્ઞાનિક રીતે જોડીને નેશનલાઈઝેશન કરવામાં આવે છે તેથી તેના ઉદ્દેશો પાર પાડી શકાય.

તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય લોજીસ્ટીક અને ટ્રાન્સપોર્ટ સમિટમાં સુરત ખાતે આવા લોજીસ્ટીક પાર્કનો વિકાસ કરવા માટે સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન, નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડીયા અને કન્ટેનર કોર્પોરેશન ઓફ ઇન્ડીયા વચ્ચે એક કરાર કરવામાં આવેલ છે. જેને આગળ વધારવા આજે સમિક્ષા કરવામાં આવેલ.

સુરત શહેર નજીક આ પ્રકારનાં પાર્કનાં નિર્માણથી ગુજરાતના ઉદ્યોગો અને માળખાકીય સુવિધાના વિકાસને વેગ મળશે.

આ બેઠકમાં મેયરશ્રી સુરત શહેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, કલેકટર, ભારત સરકારના ઉચ્ચ અધિકારીઓ, નેશનલ હાઇવેના અધિકારીઓ, સુરત મ્યુ. કોર્પોરેશનનાં કમિશ્નર, વિગેરે અધિકારીઓ-પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

પ્રસિદ્ધ કરવા અધિકૃત
(સાગર મિમાણી)
કેન્દ્રિય રાજ્ય મંત્રીશ્રીનાં
મીડિયા કો-ઓર્ડીનેટર

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0187
તા.૨૩-૦૫-૨૦૧૭